# Commissionerate of Schools

## Government of Gujarat

Vidhya Samixa Kendra, **Sector-19 Gandhinagar 382 021**

ક્રમાંક:cos/પરચ/ ૧૦૪૮-૧૧૪૦ તા.૨૮/૦૪/૨૦૨૬

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષય : શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માં વિદ્યાર્થીઓનો પ્રિ સર્વે કરવા અને તે અંતર્ગત બાલવાટિકાથી ધોરણ-૧૨ સુધીના વિદ્યાર્થીઓના પ્રવેશ / પુન: પ્રવેશની કામગીરી કરવા બાબત.

સંદર્ભ : (૧) શિક્ષા મંત્રીશ્રી,ભારત સરકારના પત્ર ક્રમાંક:CMS/GOI/2025/29085 તા.૨૩/૦૬/૨૦૨૫

(૨) શિક્ષા મંત્રાલય ,શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ,ભારત સરકારના પત્ર ક્રમાંક નં.૧૨-૧/૨૦૨૬-SS-૮ તા.૦૬/૦૪/૨૦૨૬

(૩) તા.૧૫/૦૪/૨૦૨૬ ના "National Workshop in Primary and Secondary Schools of Gujarat" માં થયેલ ચર્ચા.

(૪) તા.૧૬/૦૪/૨૦૨૬ ના રોજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને શાસનાધિકારીશ્રીની રિવ્યુ બેઠકમાં થયેલ ચર્ચા.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે,

A. સંદર્ભ -૧ થી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ના પ્રકરણ-૩ માં અપવ્યય (ડ્રોપ આઉટ) દર ઘટાડવા અને વર્ષ-૨૦૩૦ સુધીમાં પૂર્વ પ્રાથમિક થી માધ્યમિક સ્તરે ૧૦૦ % કુલ નોંધણી ગુણોત્તર(GER) પ્રાપ્ત કરવાનું લક્ષ્યાંક આપેલ છે.

B. "**Bringing Children Back to School Campaign** " અર્થાત્ "**બાળકોને શાળામાં પાછા લાવીએ**" અભિયાન અંતર્ગત શાળા બહારના બાળકોને શક્ય તેટલી વહેલી તકે શૈક્ષણિક ક્ષેત્રમાં પાછા લાવવાનો ઉદ્દેશ્ય છે.

ઉક્ત A તથા B બાબતો માટે શાળા શિક્ષણ સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ,શિક્ષકો, અગ્રણીઓ, શાળા વ્યવસ્થાપન સમિતિઓ (SMCs),શાળા વ્યવસ્થાપન અને વિકાસ સમિતિઓ (SMDCs) અને પંચાયતી રાજ સંસ્થાઓ (PRIs) ઉપરાંત આરોગ્ય વિભાગના આશા વર્કર બહેનો,મહિલા અને બાળ કલ્યાણ વિભાગના આંગણવાડી કાર્યકર બહેનો તેમજ આ સાથે સંકળાયેલ અન્ય વિભાગોને આગ્રહપૂર્વક આ અભિયાનમાં સામેલ કરી સામૂહિક પ્રયત્નો કરી લક્ષ્યાંકને પ્રાપ્ત કરવાનો રહે છે.

સંદર્ભ-૨ અન્વયે સંદર્ભ -૩ થી યોજાયેલ વર્કશોપમાં તથા તા.૧૬/૦૪/૨૦૨૬ ના યોજાયેલ રિવ્યુ બેઠકમાં માન.અગ્ર સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ) દ્વારા આ બાબતે આપેલ રૂબરુ માર્ગદર્શનની અમલવારી અર્થે નીચે મુજબ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

(૧) ૧લી જૂનના રોજ ૩ વર્ષ પૂર્ણ કરતા બાળકોની સંભવિત પ્રવેશ યાદી તૈયાર કરવી.આ યાદી તૈયાર કરવા સંબંધિત જીલ્લાના/તાલુકાના PHC/CHC આરોગ્યકેન્દ્રો અને તેના આશા વર્કરબહેનો, મહિલા અને બાળ વિકાસ વિભાગના ICDS યોજના અન્વયે કાર્યરત આંગણવાડી અને તેની કાર્યકર બહેનો તેમજ આ સાથે સંકળાયેલ અન્ય વિભાગ સાથે સંકલન સાધી કાર્યવાહી કરવી. ગ્રામ પંચાયત/નગરપાલિકા/મહાનગર પાલિકાના જન્મ રજીસ્ટરમાં નોંધાયેલ બાળકો તથા ડોર ટુ ડોર સર્વેના આધારે પ્રવેશપાત્ર બાળકોની વિગતો મેળવી આ તમામ બાળકોને આંગણવાડીમાં પ્રવેશ આપવાનું આયોજન કરવાનું રહેશે. (અમલવારી :- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી)

(૨) ૧લી જૂનના રોજ ૫ વર્ષ પૂર્ણ કરતા બાળકોની સંભવિત પ્રવેશ યાદી તૈયાર કરી તમામ બાળકોને બાલવાટિકામાં પ્રવેશ આપવાનું આયોજન કરવાનું રહેશે.તે મુજબ જ ૧લી જૂનના રોજ ૬ વર્ષ પૂર્ણ કરતા તમામ બાળકોને ધોરણ – ૧ માં પ્રવેશ આપવાનું આયોજન કરવાનું રહેશે (અમલવારી :- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તથા શાસનાધિકારીશ્રી)

(૩) શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૦૨૬માં જે શાળામાં ધોરણ-૫ માં અભ્યાસ કરતા હોય તે શાળામાં ધોરણ-૬ ન હોય ત્યારે તે શાળાના આચાર્ય દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે નજીકમાં આવેલ ઉચ્ચ પ્રાથમિક શાળામાં પ્રવેશ મેળવે તેવું આયોજન કરી ધોરણ-૫ થી ૬ નો પ્રવેશ દર ૧૦૦% જળવાય તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે. (અમલવારી :- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તથા શાસનાધિકારીશ્રી)

(૪) આ સર્વે દરમ્યાન ધો.૧ થી ૮ માટે ક્યારેય શાળામાં ન ગયેલ બાળકોનો પ્રવેશ અને અધવચ્ચે શાળા છોડી ગયેલ બાળકોને વય જૂથ મુજબ પુન:પ્રવેશ સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે. (અમલવારી :- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તથા શાસનાધિકારીશ્રી )

(૫) શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૦૨૬માં જે શાળામાં ધોરણ-૮ માં અભ્યાસ કરતા હોય તે ગામમાં માધ્યમિક શાળા ન હોય ત્યારે આવી પ્રાથમિક શાળાના આચાર્ય દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે નજીકમાં આવેલ માધ્યમિક શાળામાં પ્રવેશ મેળવે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.ઉપરાંત સર્વે દરમિયાન મળેલ ધોરણ -૮ પછી શાળા છોડી ગયેલ વિદ્યાર્થીઓ ધોરણ-૯ માં પ્રવેશ મેળવે તે પણ સુનિશ્ચિત કરવાનું રહેશે. (અમલવારી :- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તથા શાસનાધિકારીશ્રી)

(૬) શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૦૨૬માં વિદ્યાર્થીઓ જે શાળામાં ધોરણ-૧૦ માં અભ્યાસ કરતા હોય તે શાળામાં ઉચ્ચત્તર માધ્યમિક શાળા ન હોય ત્યાં ધોરણ-૧૦ પાસ તમામ વિદ્યાર્થીઓ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે નજીકમાં આવેલ ઉચ્ચત્તર માધ્યમિક શાળા કે આઈ.ટી.આઈ./ડિપ્લોમામાં પ્રવેશ મેળવે તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે. (અમલવારી :- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી)

(૭) ધો.૫ થી ધો.૬ અને ધો.૮ થી ધો.૯ માં પ્રવેશ માટેના પ્રિ સર્વેની કામગીરી CTS પોર્ટલ પર Pre Survey menu માં જઈ online પ્રિ સર્વે ફોર્મ ભરવાનું રહેશે.આ કામગીરી તા.૧૫/૦૫/૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. જ્યારે ધોરણ -૧૦નું બોર્ડનું પરિણામ આવ્યા બાદના ૧૫(પંદર) દિવસમાં પાસ થયેલ વિદ્યાર્થીઓના પ્રિ સર્વેની કામગીરી તા.૩૦/૦૫/૨૦૨૬ સુધી પૂર્ણ કરવાની રહેશે. (અમલવારી :- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તથા શાસનાધિકારીશ્રી)

(૮) ઉક્ત તમામ કામગીરી માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી કક્ષાએથી વર્ગ -૨ ના અધિકારીની નોડલ ઓફિસર તથા દરેક સી.આર.સી.ક્લસ્ટર માટે બીટ કેળવણી નિરીક્ષક/મદદનીશ શિક્ષણ નિરીક્ષકની લાયઝન અધિકારી તરીકે નિયુક્તિ કરીને તેમના નામ, હોદ્દો તથા મોબાઈલ નંબર સહિત સંપર્ક થઈ શકે તેવી માહિતી આ સાથે સામેલ પત્રક ૧ અને ૨ માં નીચે જણાવેલ e mail પર મોકલી આપવાની રહેશે.

| વિભાગ | અધિકારીશ્રીનો હોદ્દો | e-mail |
|---|---|---|
| પ્રાથમિક વિભાગ | નાયબ નિયામકશ્રી(પ્લાન) | plandpeguj@gmail.com |
| માધ્યમિક અને ઉ.મા.વિભાગ | નાયબ નિયામકશ્રી (૧૦+૨) | ss.umabranch@gmail.com |

ઉક્ત કામગીરીમાં સી.આર.સી.કો.ઓ.,બી.આર.સી.કો.ઓ.,બી.આર.પી.,મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રીઓએ તેઓને સોંપવામાં આવે તે ફરજ બજાવવાની રહેશે.

(ડૉ.એમ.એન.પટેલ)
સંયુક્ત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ,
ગુ.રા. ગાંધીનગર

(સુશ્રી તૃપ્તિ જે.વ્યાસ)
સંયુક્ત શિક્ષણ નિયામક(૧૦+૨)
કમિશનર શાળાઓની કચેરી,
ગુ.રા.,ગાંધીનગર

**બિડાણ:**

- સંદર્ભ–૧ થી ૨
- CTS Pre Survey Frame Work
- પત્રક ૧ અને ૨

**સવિનય નકલ રવાના:**

- માન. અગ્ર સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- માન.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષાની કચેરી,ગાંધીનગર
- માન.નિયામકશ્રી, કમિશનર શાળાઓની કચેરી,ગાંધીનગર .
- માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગુ.રા.,ગાંધીનગર.